# આપવાની ટેવ

– એસ.શ્રીનિવાસ

રાજા મહેન્દ્ર તેના રાજ્યમા સફળતાપૂર્વક રાજ્ય કરતો હતો અને હમેશા વિચારતો કે તેની આ ક્ષમતા ફક્ત તેના ગુરુએ આપેલ શિક્ષા અને જ્ઞાનના કારણે જ છે. તે પોતાના ગુરુનુ ઉચિત બહુમાન કરવા માગતો હતો. તે ગુરુકુલમા ગયો અને સન્માનપૂર્વક તેમને રાજદરબારમા પધારવાનુ આમત્રણ આપ્યુ. વેદનાથ તેમના વિદ્યાર્થીના આમત્રણને નકારી શક્યા નહીં અને તેમણે 'ગુરુ પૂર્ણિમા'ને દિવસે રાજદરબારમા આવવાનુ વચન આપ્યુ. ગુર વેદનાથ આપેલ સમયે પોતાના થોડા વિદ્યાર્થીઓને સાથે લઈને પાટનગર જવા નીકળી પડયા. રાજા મહેન્દ્ર અને તેના પત્નીએ તેમનુ ઉદારતાપૂર્વક સ્વાગત કર્યું. શાહી દપતિએ ગુરુના ચરણ ધોયા. રાજાએ ગુરુના ગળામા હાર પહેરાવ્યો ત્યારે પૂજારીઓએ વેદિક મત્રોચ્ચાર કર્યા. ત્યાર પછી શાહી દપતિએ એક રેશમી કપડામા વીંટાળેલી એક ભેટ તેમના હાથમા મૂકી. ''આ મારી સફળતામા આપના અમૂલ્ય યોગદાનના આભાર રૂપે છે.'' રાજાએ



વિનમ્રતાથી કહ્યુ, ''આ એક નાનકડી ભેટ છે. કૃપા કરીને તેનો સ્વીકાર કરો.'' રાણીએ કહ્યુ અને તે રેશમી કાપડનુ બડલ ખોલ્યુ, તેમા પુષ્કળ કીમતી હીરા અને સોનાના સિક્કા હતા. ગુરુએ તે ભેટ રાજાને પરત કરી અને કહ્યુ, '' એક શિક્ષક તરીકે, મને ફક્ત આપવાની જ ટેવ છે, ભેટ સ્વીકારવાની નહીં, મને આશા છે કે તુ સમજી શકીશ કે કોઈ વ્યક્તિને તેના સ્વભાવની વિરુદ્ધ કાર્ય કરવુ કેટલુ કષ્ટદાયી હોય છ. હુ તારા દ્વારા લોક કલ્યાણ માટે ખર્ચાતા દરેક પૈસાને મારા તરફના તારા આભાર તરીકે જ ગણુ છુ.''

રાજાએ ગુરુ પૂર્ણિમાના અવસરે ગુરુ પાસેથી શીખવા મળેલો એક નવો બોધપાઠ માન્યો અને ગુરુની ભેટની રકમને લોકકલ્યાણ અર્થે ખર્ચ કરી દીધી.

■